EDII

Divya Bhaskar

January 16, 2023
Page No. 12
Sup.: Business Bhaskar

### સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમની દ્રષ્ટિએ ભારત દુનિયામાં ત્રીજું, દેશમાં આશરે 108 યુનિકોર્ન

# પોતાનાં યુનિકોર્ન, ગેઝેલ્સ અને ચીતા સાથે ભારત સ્ટાર્ટઅપ્સની આગેકૂચ જોવાશે...

સ્ટાર્ટઅપ ટોક
ડો. બૈશાલી મિત્રા

ભારતીય સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમની શરૂઆત સોફ્ટવેર સેવાઓ સાથે થઈ હતી. દેશમાંથી સોફ્ટવેર સેવાઓની નિકાસ શરૂ થઈ એ અગાઉ આ સ્ટાર્ટઅપ્સ ભારતીય સોફ્ટવેરની જરૂરિયાતો પૂરી કરતાં હતાં. વર્ષ 2016માં ભારત સરકારનાં સ્ટાર્ટઅપ ઈન્ડિયા અભિયાન સાથે સ્ટાર્ટઅપ્સે અર્થસભર રીતે આગેકૂચ કરી હતી, જેણે ભારતીય સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ માટે પ્રેરકબળનું કામ કર્યું હતું. પછી અત્યાર સુધી ભારતીય સ્ટાર્ટઅપ્સે લાંબી આશાવાદ મજલ કાપી છે, જે વૈશ્વિક સ્તરે ભવિષ્યની વૃદ્ધિનો ચિતાર રજૂ કરે છે. ભારત સરકારે વર્ષ 2022-23 માટેના બજેટમાં સરકારની સ્ટાર્ટઅપ્સના વિકાસને વેગ આપવાની સાતત્યપૂર્ણ કટિબદ્ધતા પ્રદર્શિત કરી છે. અત્યારે સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમની દ્રષ્ટિએ ભારત દુનિયામાં ત્રીજું સ્થાન ધરાવે છે અને




દેશમાં આશરે 108 યુનિકોર્ન છે. અત્યારે મહાનગરો કે મેટ્રોમાં જ જોવા મળતાં નથી; ટિઅર-2 અને ટિઅર-3 શહેરોમાં 49 ટકા કાર્યરત છે. આઈટી, કૃષિ, ઉડ્ડયન, શિક્ષણ, ઊર્જા, સ્વાસ્થ્ય અને અંતરિક્ષ જેવા ઉદ્યોગોમાં વધુને વધુ સ્ટાર્ટઅપ ઊભા થઈ રહ્યાં છે.

■ **વૃદ્ધિકારક પરિબળો:** સ્ટાર્ટઅપ્સ વિશાળ વ્યવસાયિક ઈકોસિસ્ટમનો એક ભાગ છે અને ઈકોસિસ્ટમ વિના કે શૂન્યાવકાશમાં સ્ટાર્ટઅપ કામ ન કરી શકે. સામાન્ય રીતે ઈકોસિસ્ટમનું સ્વરૂપ છે - આર્થિક સુધારા, ક્રાઉડ સેન્ટિમેન્ટ અને બજારના પ્રવાહો, ટેક્નોલોજીની અસર, સરકાર, મોટી કંપનીઓ અને સમાજનું વિઝન.

■ **ભારતીય બજારની કામગીરી :** સૌથી વધુ ઝડપથી વૃદ્ધિ કરતાં અર્થતંત્ર તરીકે ભારતીય બજાર સ્ટાર્ટઅપ્સ માટે પ્રચૂર તકો ધરાવે છે, તેની ખાતરી આપે છે. ભારતીય અર્થતંત્ર દુનિયામાં પાંચમું સૌથી મોટું અર્થતંત્ર છે, જેની ખરીદક્ષમતા અને આવકમાં સાતત્યપૂર્ણ રીતે વધારો થઈ રહ્યો છે. વળી એક પ્રવાહ ઊંચી-મધ્યમ-આવક ધરાવતા સમુદાયો દ્વારા વપરાશમાં વધારાનો સંકેત આપે છે.

■ **સાનુકૂળ વસ્તી:** ભારતની વસ્તી પણ લાભદાયક પુરવાર થઈ છે, કારણ કે વસ્તીનો અડધોઅડધ હિસ્સો યુવાનોનો છે, જે વસ્તીને વસ્તીવિષયક લાભમાં પરિવર્તિત કરે છે. અત્યારે તેઓ વસ્તીમાં નોંધપાત્ર હિસ્સો ધરાવે છે, જેનો ઉપયોગ થઈ શકે છે તેમજ તેઓ નવા ઉત્પાદનો અને સેવાઓ પૂરી પાડવા માટે ઉપયોગી બની શકે છે. ઉપરાંત ભારત વિશાળ વિવિધતા ધરાવતી ભૂમિ છે. આ સ્ટાર્ટઅપ્સને વિવિધ વિસ્તારો કે સમાજના વિવિધ સમુદાયો માટે જુદી જુદી સમસ્યાઓ ઓળખવા અને વાણિજ્યિક રીતે વ્યવહારિક સમાધાનો રજૂ કરવા સક્ષમ બનાવે છે.

■ **ટેક્નોલોજીકલ પરિવર્તન :** ભારતમાં ડિજિટલાઈઝેશને શિક્ષણ, નાણાકીય સર્વસમાવેશકતા, ઓળખના જોડાણો વગેરે ક્ષેત્રમાં પરિવર્તનનો પવન ફૂંક્યો છે. વર્ષ 2014 સુધી ભારતની ડિજિટલ ક્ષમતા આઈટી અને આઈટી સાથે સંલગ્ન સેવાઓ પૂરતી મર્યાદિત હતી. પણ ત્યારબાદ અત્યાર સુધી ભારતે હરણફાળ ભરી છે. તેનું અર્થતંત્ર વિવિધતાસભર બન્યું છે અને નવા બજારોમાં પ્રવેશ કર્યો છે. (લેખક :ઈડીઆઈઆઈના બિઝનેસ કોમ્યુનિકેશનના આસિસ્ટન્ટ પ્રોફેસર છે)